P G V C L

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૨૦/ = 12 તારીખ:

રજી. એ.ડી. દ્વારા

2 1 JAN 2020

પ્રતિ,
કંચનબેન ભૂપતભાઈ ઢોલરીયા,
યક્ષ મંદિરની પાછળ,પી-૩૪૫,
શિવમપાર્ક રોડ,
માધાપર-કચ્છ , મોબાઇલ નંબર:-૮૧૨૮૭ ૫૮૭૬૪

વિષય:- કેસ નંબર પીજી૦૩/૦૦૪/૨૦૧૯-૨૦
સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૩/૦૦૪/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ
(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, ભુજ શહેર-૧

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦20/12 તારીખ: 21/01/2020

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-03-004-2019-20.

અરજદાર: શ્રીમતી કંચનબેન ભુપતભાઈ ઢોલરીયા
ગામ-માધાપર , તા.-ભુજ , જિ.-કચ્છ.

રજૂઆત કરનાર: અરજદાર શ્રી હાજર રહેલ નથી.

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભુજ
રજૂઆત કરનાર: ૧) શ્રી જે.વી.ચૌહાણ,નાયબ ઇજનેરશ્રી, પીજીવીસીએલ, ભુજ શહેર-૧ પેટા વિભાગીય કચેરી,ભુજ

:: કોરમ ::

૧) શ્રી સી.વી. ઠાકર, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર
૩) શ્રી કે.વી. ભટ્ટ, મેમ્બર ટેક

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૨૧/૧૨/૨૦૧૯

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી શ્રીમતી કંચનબેન ભુપતભાઈ ઢોલરીયા, ગામ-માધાપરમાં ઘરવપરાશ માટેનું વીજજોડાણ છે. જે ભુજ શહેર-૧ પેટાવિભાગીય કચેરી,ભુજ વિભાગીય કચેરી હેઠળ છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રી ઘરવપરાશ માટેનું ગ્રાહક નંબર ૩૮૯૫૧/03૫૮૨/૪ થી વીજજોડાણ ધરાવે છે. જેનું વીજબીલ તેઓશ્રી નિયમિત ભરે છે. આજદીન સુધી તેઓનું કોઈપણ વીજબીલ ભરવાનું બાકી નથી.

૧.3 અરજદારશ્રીની લેખિત રજુઆતમાં જણાવ્યા મુજબ તેઓનું જુન-જુલાઈ-૧૯નું બીલ ૧૦,૧૬૬/- આવેલ હતું. જે તેઓશ્રી દ્વારા ઓનલાઈન ભરપાઈ કરેલ છે.

૧.૪ અરજદારશ્રીનું જુન-જુલાઈ – ૧૯ નું બીલ ૧૦૧૬૬/- આવેલ હતું જે તેઓશ્રી દ્વારા ઓનલાઈન પૂરેપુરું ભરપાઈ કરેલ હતું, તેમછતાં તેઓશ્રીના ઓગસ્ટ-સપ્ટેમ્બર-૧૯ના વીજબીલ માં રૂ.૧૬૨.૧૩ પાછલી બાકી બીલની રકમ દર્શાવે છે.

૧.૫ અરજદારશ્રીએ તેઓને આપેલ પાછલી બાકી બીલની રકમ રૂ.૧૬૨.૧૩ પરત ખેચવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ લેખિતમાં રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી શ્રીમતી કંચનબેન ભુપતભાઈ ઢોલરીયા, ગામ-માધાપર, ગ્રાહક નંબર ૩૮૯૫૧/03૫૮૨/૪ થી ઘરવપરાશનું વીજજોડાણ ભુજ શહેર-૧ પેટાવિભાગીય કચેરી, ભુજ વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે.

૨.૧ અરજદારશ્રીને ભુજ શહેરે-૧ પેટાવિભાગીય કચેરી દ્વારા ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૯ના માસમાં રૂ.૧૬૨.૧૩ પાછલી બાકી રકમ આવેલ, જેના કારણે આ ફરિયાદ ઉદ્ ભવેલ છે.

૨.૨ અરજદારશ્રી ને ૧ લી જુલાઈ ૨૦૧૯થી ગુજરાત વીજનિયમન પંચની મંજુરીથી પ્રતિ યુનીટ ફ્યુલ ચાર્જમાં ૨૦ પૈસા નો વધારો આવતા ફ્યુલ ચાર્જ ૧.૯૦ પૈસા ને બદલે રૂ.૨.૧૦ પૈસા પ્રતિ યુનીટ લેવા પાત્ર થતા તેમનું માસ જુન-જુલાઈ બિલ્ડ ઇન ઓગસ્ટનું તારીખ ૨૭/૦૭/૧૯ના રોજ રૂ.૧૦,૧૬૬/- નું બીલ જુના ફ્યુલ કોસ્ટ રૂ.૧.૯૦ પૈસા પ્રમાણે આપવામાં આવેલ.

૨.3 અરજદારશ્રી ને આવેલ જુનું બીલ તેઓશ્રી દ્વારા તા.૦૭/૦૮/૧૯ના રોજ ભરપાઈ કરેલ,પરંતુ ઉપરોક્ત બીલના ફ્યુલ ચાર્જ વધારાનો અમલીકરણ તા.૦૧/૦૭/૧૯ થી થતા બિલિંગ સિસ્ટમ માં તેમનું બીલ રૂ.૧૦૩૩૬.૫૦ પૈસા આકરાયેલ હતું.

૨.૪ આમ,અરજદારશ્રીનું ભરપાઈ થયેલ રકમ અને સિસ્ટમ માં બનેલ નવા ફ્યુલ ચાર્જ પ્રમાણેની બીલની રકમની તફાવતની રકમ ત્યારપછીના બીલ ઓગસ્ટ-સપ્ટેમ્બર બીલ્ડઇન ઓક્ટોબરના બીલમાં રૂ.૧૬૨.૧૩/- આગલા બીલના તફાવત પેટે બાકી આવેલ છે.

૨.૫ અરજદારશ્રીને આવેલ વીજબીલ દર ત્રણ માસે ગુજરાત વીજ નીયમન પંચના આદેશ અનુસાર ફ્યુલ ચાર્જમાં વધઘટ થાય છે.જેના પરિપત્રનો અમલીકરણનો તારીખ પછીના દિવસોમાં આવતો હોવાથી ગ્રાહક ને આવેલ બીલ અને સિસ્ટમમાં બનેલ બીલ વચ્ચે તફાવત ઉભો થતો હોય છે.અને જે તફાવત ગ્રાહકના બીલમાં બાકી રકમના સ્વરૂપે બીલમાં બતાવવામાં આવે છે.

૨.૬ અરજદારશ્રીને પીજીવીસીએલ ભુજ શહેર -૧ પેટાવિભાગીય કચેરીના નાયબ ઇજનેરશ્રી દ્વારા યોગ્ય સમજ આપેલ તેમછતાં અરજદારશ્રી તેઓ સાથે સહમત થયેલ નથી.

૨.૭ આમ.અરજદારશ્રીને ઓગસ્ટ-સપ્ટેમ્બર બીલ્ડ ઇન ઓક્ટોબરના બીલમાં રૂ.૧૬૨.૧૩આગલા બીલના તફાવત ની રકમનું બીલ ભુજ શહેર-૧ પેટા વિભાગીય કચેરી તરફથી અપાયેલ વીજબીલ નિયમાનુસાર ભરવાપાત્ર થાય છે.

## :: હુકમ ::

3.0 સુનાવણી સમયે રજૂઆત કરનારની લેખિત તેમજ સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

3.૧ અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેઓશ્રી ગ્રાહક નંબર ૩૮૯૫૧/૦૩૫૮૨/૪ થી ઘરવપરાશનું વીજજોડાણ ભુજ શહેર-૧ પેટાવિભાગીય કચેરી, ભુજ વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. જેનું વીજબીલ પણ તેઓશ્રી નિયમિત ઓનલાઈન ભરપાઈ કરેલ છે.

3.૨ અરજદારશ્રીનું બીલ જુન-જુલાઈ-૧૯ નું બીલ ૧૦૧૬૬/-આવેલ હતું. જે પણ તેઓશ્રી દ્વારા ઓનલાઈન ભરપાઈ કરેલ છે.

3.3 અરજદારશ્રીનું જુન-જુલાઈ-૧૯નું બીલ ભરપાઈ કરેલ છે, તેમછતાં ઓગસ્ટ-સપ્ટેમ્બર-૧૯ ના વીજબીલ માં રૂ.૧૬૨.૧૩ પાછલી બાકી બીલની રકમ દર્શાવે છે.

3.૪ જે ૧ લી જુલાઈ ૨૦૧૯થી ગુજરાત વીજનિયમન પંચની મંજુરીથી પ્રતિ યુનીટ ફ્યુલ ચાર્જમાં ૨૦ પૈસાનો વધારો આવતા ફ્યુલ ચાર્જ ૧.૯૦ પૈસા ને બદલે ૨.૧૦ પૈસા પ્રતિ યુનીટ વધારે લેવા પાત્ર થતા હતા જે તફાવતની બાકી રકમ રૂ.૧૬૨.૧૩ પાછલી બાકી રકમ તરીકે તેઓશ્રીના ઓગસ્ટ-સપ્ટેમ્બર-૧૯ના માસમાં દર્શાવેલ છે.

૩.૫ અરજદારશ્રી એ ભરપાઈ કરેલ રકમ અને સીસ્ટમમાં બનેલ નવા ફ્યુલ ચાર્જ પ્રમાણેની બીલની રકમની તફાવતની રકમ ત્યારપછીના બીલ ઓગસ્ટ-સપ્ટેમ્બર બીલ્ડ ઇન ઓક્ટોબર ના બીલમાં રૂ.૧૬૨.૧૩ પાછલી બાકી બીલની રકમના તફાવત પેટે બાકી આવેલ છે.

૩.૬ ગુજરાત વીજ નિયમન પંચના અને સરકારશ્રી ના આદેશ અનુસાર ફ્યુલ ચાર્જમાં વધઘટ દર ત્રણ માસે થાય છે. જેના પરિપત્રો નો અમલીકરણ તે પછીના દિવસોમાં આવતો હોવાથી અરજદારશ્રી ને આપેલ બીલ અને સીસ્ટમમાં બનેલ બીલ વચ્ચે તફાવત ઉભો થતો હોય છે. અને આ તફાવત અરજદારશ્રીના બીલમાં પાછલી બાકી બીલની રકમના સ્વરૂપે બીલમાં બતાવવામાં દર્શાવે છે.

૩.૭ આમ, અરજદારશ્રીને ઓગસ્ટ-સપ્ટેમ્બર બીલ્ડ ઇન ઓક્ટોબરના બીલમાં રૂ.૧૬૨.૧૩ પાછલી બાકી બીલની રકમ દર્શાવે છે. જે તફાવતની રકમનું વીજબીલ આવેલ છે. જે વીજબીલ સરકારશ્રી ના આદેશ અનુસાર ભરવાપાત્ર છે.

૩.૮ આમ, અરજદારશ્રી ની અરજી ફેંસલ કરવામાં આવે છે તથા અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કે.વી. ભટ્ટ | એન. એચ. જોષી | સી.વી. ઠાકર |
| મેમ્બર ટેક | સ્વતંત્ર મેમ્બર | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનાસંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

PG-03-004-2019-20